[Type text] [Type text]

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી સુરેન્દ્રનગર

બ્લોક-એ, રૂમ નં-૧૦૮, સેવા સદન-૩, બહુમાળી ભવન, સુરેન્દ્રનગર ૩૬૩૦૨૦

ઇમેઇલ- snagardeo@gmail.com ,ફોન નં- ૦૨૭૫૨ ૨૮૪૧૭૦

ક્રમાંક : માધ્ય/iedss/2026/ ૧૪૧૦ તા.૨૪/૦૨/૨૦૨૬

પ્રતિ,

સંચાલકશ્રી

ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ

સુરેન્દ્રનગર

વિષય:- IEDSS ના વિશિષ્ટ શિક્ષકોને SVS/QDCઅંતર્ગત બનાવેલ કલસ્ટર ફાળવણી તેમજ તેઓની કામગીરી બાબત

સંદર્ભ :- ૧. શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક બમશ/૧૦૧૭/ સીસી.૬૮/ગ/(પા.ફા.) તા.૨૬-૦૯-૨૦૧૭

૨. શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક બમશ/૧૦૧૭/સીસી.૬૮/ગ/(પા.ફા.) તા.૨૫-૦૯-૨૦૧૮

૩. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક બમશ/૧૨૨૦૨૨/૨૦૪/ગ-૨ તા.૧૯-૦૪-૨૦૨૩

૪. સમગ્ર શિક્ષા અભિયાન કચેરીના તા.૧૭/૦૯/૨૦૨૦ ના પત્રક્રમાંક: સમગ્ર શિક્ષા/મકમ/૨૦૨૦/૩૨૨૩૯-૨૭૪

૫. નિયામકશ્રી શાળાઓની કચેરીનો તા.૩૧/૦૮/૨૦૨૪ પત્ર ક્રમાંક COS/૦૨૨૯/૦૮/૨૦૨૪

૬. શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક ED/WRT/e-file/3/૨૦૨૪/૦૨૪૦/G-2 Dt.3-3-૨૫

૭. નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક માધ્ય/ IEDSS /૨૦૨૫ ૩૧૦૪-૩૭તા.૦૬-૦૩.૨૦૨૫

૮. અત્રેની કચેરીના જા.નં ડીઇઓ આઇઇડીએસએસ/૨૦૨૫-૨૬/4664 તા.22/08/2025 નો પત્ર

૯. અત્રેની કચેરીનાં તા.14/10/2025 નાં શાળા ફાળવણી પંસદગી કેમ્પ અન્વયે ફાળવણી હુકમ

૧૦ અત્રેની કચેરીના ક્રમાંક.માધ્ય/iedss/2025/5693તા.15/10/2025

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્રો પરત્વે જણાવવાનું કે, અત્રેના તાબા હેઠળ કાર્યરત વિશિષ્ટ શિક્ષકો કે જેઓ સંદર્ભ દર્શિત પત્ર ૧અને ૨ થી SVS/QDC માં આવતી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં મુખ્ય મથકની ફાળવણી કરવામાં આવેલ છે સદર સંદર્ભ દર્શિત પત્ર ૧અને ૨ ના આધારે તમામ વિશિષ્ટ શિક્ષકોને શ્રેયાનતા મુજબ SVS/QDCઅંતર્ગતની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં કલસ્ટર પસંદ કરેથી તેમાં ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આદેશ કરેલ છે SVS/QDCઅંતર્ગત ફાળવેલ મુખ્ય મથક સિવાયની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની કલસ્ટર વાર યાદી આ સાથે સામેલ છે.તે મુજબ વિશિષ્ટ શિક્ષકોએ ફરજ બજાવવાની રહેશે અને નીચેની સૂચનાઓને અનુસરવાનું રહેશે

- વિશિષ્ટ શિક્ષકને હાજર કર્યા બાદ આપની શાળા જે QDCઅંતર્ગત કલસ્ટર માં આવે છે તેમાં કેટલા દિવ્યાંગ વિધાર્થીઓ છે તેની માહિતી શાળાના બીઆરસી/સીઆરસી પાસેથી મેળવી લેવાની રહેશે.
- બીઆરસી/સીઆરસી પાસેથી મળેલ દિવ્યાંગ વિધાર્થીની માહિતી મુજબ વિશિષ્ટ શિક્ષકને તે શાળામાંજવાનું ટાઇમ ટેબલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના પરામર્શમાં તૈયાર કરી શાળામાં રાખવાનું રહેશે.જેની એક નકલ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને મોકલી આપવાની રહેશે
- જો QDC માંસમાવિષ્ટ ક્લસ્ટર માં એક પણ દિવ્યાંગ વિધાર્થીના હોય તેવા કિસ્સામાં તે શિક્ષકને શાળાસમય મુજબ શાળામાં આવવાનું રહેશે તેમજ આચાર્યશ્રીની સુચના મુજબની શૈક્ષણિક કામગીરી કરાવવાની રહેશે.તથા દિવ્યાંગ કર્મચારી માટે દિવ્યાંગ ધારો 1995 અને 2016 ની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે
- હાજર થયેલ વિશિષ્ટ શિક્ષકનું હાજરીપત્રક અલગથી નિભાવવાનું રહેશે.
- હાજરી પત્રક મુજબ દર મહીને તારીખ ૧ થી ૩ માં વિશિષ્ટ શિક્ષકનું અલગ થી પગાર બીલ બનાવી અત્રેની કચેરીને મોકલી આપવાનું રહેશે.
- વિશિષ્ટ શિક્ષકને ગ્રાન્ટ ઇન-એઇડ શિક્ષકને મળતા તમામ લાભ આપવા સરકારશ્રી દ્વારા જણાવેલ છે તે મુજબ કાર્યવાહી શાળાકક્ષાએ કરવાની રહેશે.
- આચાર્યશ્રીએ વિશિષ્ટ શિક્ષકની દૈનિક નોંધ પોથી સમયાંતરે ચકાસવાની રહેશે.
- વિશિષ્ટ શિક્ષકોને અત્રેની કચેરી દ્વારા પરીક્ષા સબંધિત કે અન્ય કામગીરીના આદેશ થયેથી ફરજ પર હાજર રાખવાના રહેશે.

તથા ssa કચેરી ગાંધીનગર,કમિશનર શાળાઓની કચેરી ગાંધીનગર અને શિક્ષણ વિભાગ દ્વારા વખતોવખતની મળતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે

- તમામ વિશિષ્ટ શિક્ષક શાળા સમયપત્રક મુજબ અન્ય શિક્ષકોને લાગુ પડેતે મુજબનો સમય રહેશે.

◆ વિશિષ્ટ શિક્ષકોના પગાર સંબધિત તમામ કામગીરી ફાળવેલ મુખ્ય મથકની શાળાએ કરવાની રહેશે

◆ વિશિષ્ટ શિક્ષકોના સેવાકીય બાબતોના તમામ આધાર પુરાવાની ફાઇલ લગત સંસ્થાએ મુખ્ય મથકની શાળાઓના સંચાલક મંડળ ને સોંપવાના રહેશે. તથા વિશિષ્ટ શિક્ષકોની સેવાકીય બાબતો નિભાવવાની જવાબદારી સંચાલક મંડળની રહેશે (ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકોની સેવાકીય બાબતો નિભાવતા હોય તે જ રીતે)

◆ વિશિષ્ટ શિક્ષકોને ફાળવેલ મુખ્ય મથકની શાળાના મહેકમમાં ગણવાના રહેશે નહીં

◆ વિશિષ્ટ શિક્ષકોએ પોતાને ફાળવેલ ક્લસ્ટરની શાળાઓના પોકેટ એરિયામાં દિવ્યાંગ વિધાર્થીઓની સર્વેની તથા પ્રવેશની કામગીરી કરવાની રહેશે. આ બાબતે સમગ્ર શિક્ષાની કચેરી ગાંધીનગરની સૂચનાઓને અનુસરવાનું રહેશે

જિલ્લા શિક્ષણાધિકારી
સુરેન્દ્રનગર

નકલ રવાના જાણ સારું

૧. નાયબ નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર

૨. જિલ્લા પ્રોજેકટ કો ઓર્ડીનેટર ssa સુરેન્દ્રનગર

નકલ રવાના અમલવારી સારું

૧. ફાળવેલ મુખ્ય મથકની શાળાના આચાર્યશ્રી

૨ . જિલ્લા કો ઓર્ડીનેટર (iedss)

3 . બીઆરસી/સી આર સી કો ઓર્ડીનેટર તમામ સુરેન્દ્રનગર